# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC), ગુજરાત રાજ્ય

એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૨-૨૩

ધોરણ ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) પછીના ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારની અને ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાની તમામ બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠક અને મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (સૂચિ વેબસાઈટ પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાત:**

ધો. ૧૨ (વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષા એક જ બોર્ડમાંથી ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રને ફરજીયાત વિષયો તરીકે અને ગણિતશાસ્ત્ર/બાયોલોજી/બાયો ટેકનોલોજી વિષયો પૈકી કોઈ એક સાથે પાસ કરેલ હોવી જોઈએ. ઉપરાંત નીચે જણાવેલ કોઈપણ એક પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે.

[A] **સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૨ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે. વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતર પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

[B] **સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૫% બેઠકો:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને જેઈઈ (મેઈન)-૨૦૨૨/ નીટ-૨૦૨૨ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે. વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**નોંધ: ઉપરોક્ત જોગવાઈઓ [A] અને [B]ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજીસ્ટ્રેશનથી બંને પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.**

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા તા. ૧૪-૬-૨૦૨૨ના રોજ બપોરે ૧૨ કલાકથી શરૂ થઈ તા. ૨૪-૭-૨૦૨૨ના રોજ સાંજે ૫ કલાક સુધી થઈ શકશે.
- માંગેલ પ્રાથમિક માહિતી પૂરી પાડયા બાદ ઉમેદવાર તેનો યુનીક આઈડી પસંદ કરી શકશે અને તેનો પાસવર્ડ નક્કી કરી શકશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) રૂા. ૩૦૦/- ફક્ત ઓનલાઈન મોડ દ્વારા ચૂકવણી કરવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરવાની જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

**: ACPC દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટે ઉપલબ્ધ સુવિધાઓ :**

| ઉપલબ્ધ સુવિધાઓ | ઉપલબ્ધ પ્રવૃત્તિઓ |
|---|---|
| **વેબસાઈટ: www.jacpcldce.ac.in (માહિતી માટે)** | પ્રવેશ સંબંધિત તમામ સૂચનાઓ, લાયકાત અને મેરીટની જોગવાઈના નિયમો, જાહેરખબરો અને પ્રવેશ પ્રક્રિયાથી સંબંધિત તમામ માહિતીઓ |
| | સંસ્થાઓની યાદી અને ઉપલબ્ધ બેઠકોની માહિતી |
| | સાયબર સેન્ટરની યાદી |
| | પ્રવેશનો શિડ્યુલ, કોમન મેરીટની યાદી, કટ-ઓફ માર્કસ, પ્રવેશની ફાળવણીની માહિતી, પ્રવેશ ફાળવણીનું એનાલીસીસ |
| **વેબસાઈટ: www.gujacpc.nic.in (રજીસ્ટ્રેશન માટે)** | ઓનલાઈન રજીસ્ટ્રેશન, યુઝર આઈડી, રજીસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | ચોઈસ ફિલીંગ |
| | પ્રવેશની ફાળવણી, પ્રવેશને કાયમ કરવું અને પ્રવેશને રદ કરવાની જોગવાઈએ (જો જરૂરિયાત હોય તો) |
| | પ્રવેશ કાયમ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| **માન્ય સાયબર સ્પેસ સેન્ટર (સમય: સવારે ૧૧ થી ૫) (જાહેર રજાઓ સિવાય)** | પ્રવેશ પ્રક્રિયા માટે નિ:શુલ્ક ઓનલાઈન પ્રવેશ સહાય પૂરી પાડવા |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **24x7 સમયની હેલ્પલાઈન નંબર** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦ |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |

**www.jacpcldce.ac.in અને www.gujacpc.nic.in સિવાય સમિતિની અન્ય કોઈ વેબસાઈટ નથી.**

Visit www.gujacpc.nic.in

**નોંધ:** તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો, તેમના વાલીઓ અને તમામ અન્ય સંલગ્ન વ્યક્તિઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી સમયાંતરે ACPCની ઉપરોક્ત વેબસાઈટસની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

Visit www.jacpcldce.ac.in

**તારીખ: ૧૪/૦૬/૨૦૨૨** **- મેમ્બર સેક્રેટરી**

**Helpline No. 079-26566000 (24x7)**